# સ્પિરિચ્યુઅલ ઇગ્નાઈટ યુથ મેગેઝિન

અંક -૧૦ / ૨૦૨૧

હે યહોવા તારા વિશેનું બ્યાન મેં સાભળ્યું છે ,ને મને દર લાગે છે; હે યહોવા આ ચાલ્યા જતા વર્ષોમાં તારા કામનું પુનર્જીવન કર ;આ વર્ષોમાં તેને પ્રગટ કર;કોપમાં પણ દયા સંભાર – હબ્બાકૂક ૩:૨

—

—


-: સંપાદન સ્થળ :-

ઈગ્નાઈટ યુથ સેન્ટર

દાદરી ફળિયા,બેડકુવા

spiritualigniteyouth@gmail.com



Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved

Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૧. તંત્રીની કલમે :-

ખ્રિસ્ત ઇસુમાં નવા વર્ષની પ્રેમી સલામ;

***"હે યહોવા તારા વિશેનું બ્યાન મેં સાભળ્યું છે ,ને મને દર લાગે છે; હે યહોવા આ ચાલ્યા જતા વર્ષોમાં તારા કામનું પુનર્જીવન કર ;આ વર્ષોમાં તેને પ્રગટ કર;કોપમાં પણ દયા સંભાર." – હબ્બાકૂક ૩:૨***

મિત્રો ગત વર્ષ આખું મહામારી અને લોકડાઉનમાં ચાલ્યું ગયું,જાણે હમણાં જ આવ્યું હોય અને હમણાં જ જતું રહ્યું એવું લાગ્યું.પણ પ્રભુનું વચન કહે છે તે જ પ્રમાણે પ્રભુ પોતાના લોકો ની સંભાળ લે છે ,યહોવાની કૃપાને લીધે અમે નાશ પામ્યા નથી ;કેમકે તેની દયા અખૂટ છે,તે દર સવારે નવી થાય છે;તારું વિશ્વાસુપણું મહાન છે. – યર્મિયાનો વિલાપ ૩:૨૨-૨૩

પવિત્ર ઈશ્વર પિતાનો આભાર માનીએ છીએ કે,પ્રભુ એ લોકડાઉનમાં પણ આપણા આત્મિક જીવનો ને "લોક" થવા દીધા નથી.શરૂઆતમાં અચાનક ચર્ચો,સંગતો બંધ થઇ જવાને કારણે તકલીફ તો પડી પરંતુ એમાં પણ અનુકુલન સાધવામાં અને અનુકુળ તેમજ પ્રતિકુળ પરીસ્થિતિઓમાં પણ પ્રભુ એ તેમની કૃપારૂપી પાંખો પર આપણને ઊંચકી લીધા. ચર્ચ ની સંગત બંધ થઇ તો દરેક કુટુંબોમાં પ્રાર્થનાની સંગત ની શરૂઆત થઇ,નાની નાની પ્રાર્થના ટોળીમાં પ્રભુના લોકો મળવા લાગ્યા,ઓનલાઈન તેમજ ઝૂમ મીટીંગ દવારા પણ એકબીજા સાથે તેમજ દેવની સંગતમાં પ્રભુના લોકો જોડાવા લાગ્યા.

ઇગ્નાઈટ યુથ દવારા પ્રભુ એ જે પ્રમાણે પ્રેરણા કરી તે મુજબ લોકડાઉનમાં પ્રભુએ પ્રાર્થના સાંકળ ની શરૂઆત થઇ.અને હમણા સુધી (૧૬) જેટલી પ્રાર્થના સાંકળોનું આયોજન કરી શકયા અને આત્મિક જગતની અંદર જે પ્રભાવ પડયો અને જે પ્રાર્થનાઓ સુગંધીદાર ધૂપ સમાન પિતાનાં સિંહાસન સુધી પહોચી છે જેનો પ્રત્યુતર પ્રભુ આપી રહ્યા છે અને જરૂર આપશે.

પ્રભુની સ્તુતિ કરીએ છીએ અને અભાર માનીએ છીએ કે,ઇગ્નાઈટ મિશનરી કોટસ તેમજ ઇગ્નાઈટ યુથ મેગેઝિન ની શરૂઆત કરી શક્યા.અને તા.૨૭.૧૨.૨૦૨૦ નાં રોજ ઇગ્નાઈટ યુથ બુક સ્ટોલ તેમજ લાઈબ્રેરીની શરૂઆત કરી શક્યા માટે પ્રભુનો પુષ્કળ આભાર માનીએ છીએ.

પ્રભુ આ વર્ષ ૨૦૨૧ માં દરેક પર પોતાનો "રહોબોથ" નો આશીર્વાદ રેડી દે અને ખ્રિસ્ત ઈસુની કૃપા,દેવ બાપ નો પ્રેમ,પવિત્ર આત્મા ની સંગતની પુષ્કળતા દરેક પર વહેતી કરે.અને પ્રભુના આગમન ને માટે દરેક ને તૈયાર કરે.

Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

**Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved**
**Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com**

## ૨. માનવીય ઘમંડ અને ઈશ્વરીય નમ્રતા :-

ઈશ્વરે માણસની સૃષ્ટિ કરી તેનાં ઘણાં વર્ષો પહેલાં સ્વર્ગદૂતોની સૃષ્ટિ કરી. ઘમંડને લીધે તેમાંથી ઘણાં નીચે પડી ગયા. તેથી પડી ગયેલા સ્વર્ગદૂતો તથા શેતાનને સજા આપવા ઈશ્વરે નરક અથવા સાર્વકાલિક અગ્નિ તૈયાર કરવો પડયો. (માથ્થી ૨૫:૪૧). તેથી ઘમંડ નરક સાથે સીધો સંબંધ રાખે છે અથવા ઘમંડ નરકની સૃષ્ટિ કરે છે અને તેથી ઘમંડ એ નરક છે.

માણસની સૃષ્ટિ કરતી વેળાએ સર્વજ્ઞાની ઈશ્વર સાવધાન રહ્યા જેથી માણસ ઘમંડી પડી ન જાય. સ્વર્ગદૂતોને તેજસ્વી બનાવ્યા હતા, તેમાંથી કેટલાંક ઘમંડથી ભરેલા હોવાને કારણે પડી ગયા. પ્રેમાળ અને જાગૃત ઈશ્વરે માણસને ધૂળથી બનાવ્યો કારણ કે જે પદાર્થથી તેને બનાવવામાં આવ્યો તેના વિશે ઘમંડ ન કરે. માણસની સૃષ્ટિ કર્યા પછી ઈશ્વરે એદનમાં એક વાડી બનાવી અને તેમાં માણસને રાખ્યો (ઉત્પત્તિ ૨:૮). જો પ્રભુએ માણસને એદનવાડીની ધૂળથી બનાવ્યો હોત તો, "મને સામાન્ય ધૂળથી નહિ પરંતુ એદનવાડીની ધૂળથી બનાવવામાં આવ્યો" એમ કહીને તે ઘમંડ કરી શક્ત. માણસ આખી સૃષ્ટિનો પ્રતાપ હોવા છતાં છઠ્ઠા દિવસે એટલે સૃષ્ટિકાર્યના અંતિમ દહાડે તેને રચવામાં આવ્યો, છઠ્ઠા દિવસે પણ જમીનના સર્વ પ્રાણીઓને બનાવ્યા પછી,અંતમાં માણસની સૃષ્ટિ કરવામાં આવી, કેમ? સૃષ્ટિકાર્યના પ્રથમ જ દિવસે જે ઈશ્વરે માણસની સૃષ્ટિ કરી હોત, તો માણસ એમ કહીને ગર્વ કરી શક્ત, 'છ દિવસના સૃષ્ટિકાર્યમાં મેં યહોવાની મદદ કરી." માણસ ઘમંડી બનીને પડી ન જાય તેથી આપણા પ્રભુએ ખૂબ સાવચેતીપૂર્વક કામ કર્યું, તો પણ આજે આપણા માથાના મુગટથી પગના તળીયા સુધી ગરોળીની જેમ ઘમંડ આપણી સાથે ચોંટેલું છે, તો પણ આપણે તેના વિશે આંધળા છીએ. તે ખતરનાક ગરોળીને જોવા માટે મોડું થાય તે પહેલાં પ્રભુ આપણી આંખોને ખોલે.

જો સર્વ ભૂંડાઈઓનું મૂળ 'પૈસાનો લોભ' છે, તો સર્વ ભૂંડાઈઓનું બી ઘમંડ છે. મૂળ 'બી'માંથી જ ફૂટે છે. જે આપણે બી (ઘમંડ)માંથી મુક્તિ મેળવીશું તો સઘળી ભૂંડાઈઓને ઉખાડી નાખીશું. યાદ રાખો, "તારા પર કંઈ દુઃખ આવી પડશે નહિ" (ગીત ૯૧:૧૭). આ વચન પ્રભુએ ફક્ત તે નમ્ર સંતોને આપ્યું છે, જે પરાત્પરના ગુપ્ત સ્થાનમાં વસે છે. (પ્રથમ વચન) એટલે કે જે નમ્રતાથી પોતાને પ્રભુમાં સંતાડી રાખે છે. અરે, કેટલી ધન્ય સત્યતા ! જે આપણે ખરેખર નમ્ર છીએ, તો તે ધન્ય વચન, 'તારા પર કંઈ દુઃખ આવી પડશે નહિ." આપણું પોતાનું છે. સર્વ ભૂંડાઈઓને બદલે આપણે સર્વ ભલાઈઓને પ્રાપ્ત કરીશું. તેનાથી વિરૂદ્ધ જેટલા વધુ આપણે ગર્વિષ્ઠ થઈશું તેટલાં જ વધુ સર્વ ભૂંડાઈઓથી રીબાઈશું. આ ગંભીર સત્યતાથી આપણે ગભરાઈને થરથરવા જોઈએ. ઘમંડને આટલો ખરાબ કેમ ગણવામાં આવે છે? હત્યા, ખરાબ આચરણ અને પ્રભુની નિંદા વગેરે પાપ શેતાન તરફથી, સાથે રહેનારા લોકો તરફથી, દુનિયાની પાપ ભરેલી અવસ્થાથી અથવા પાપરૂપી શરીરથી ઉત્તેજીત થઈને કરવામાં આવે છે. પરંતુ ઘમંડનું પાપ સ્વર્ગમાં શરૂ થયું જ્યાં આવી કોઈ ખરાબ અસર જરા પણ ન

Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

હતી પણ સર્વ શુદ્ધ અને નિર્મળ હતું. ઘમંડના પાપ માટે આપણે પોતે જ સો ટકા જવાબદાર હોઈએ, તેથી ઘમંડને કડક સજા આપવામાં આવી છે. માનવીનું ઘમંડ સીધું જ ઘણી મૃત્યુજનક બિમારીઓ અને મનોવ્યથા માટે જવાબદાર છે. ખાસ દુઃખજનક બનાવ અને દુર્ઘટના પણ ઘમંડનું ફળ હોઈ શકે.

લૂસિફરે ઘમંડનું કામ કર્યું નથી, ફક્ત એક ગર્વિષ્ઠ વિચાર તેના મનમાં આવ્યો, બસ એટલું જ ! "તેં તારા હૃદયમાં કહ્યું હતું કે, "હું આકાશો પર ચઢીશ, ને હું દેવના તારાઓ કરતાં મારૂં રાજ્યસન ઊંચુ રાખીશ;" (યશાયા ૧૪:૧૩).

આ ગર્વિષ્ઠ વિચારે તેને અગાધ કુંડમાં અનંત દુઃખ ભોગવવા ઉતાર્યો.એક ગર્વિષ્ઠ વિચારે લૂસિફરને તરત જ અગાધ કુંડમાં મોકલી દીધો,જો આપણે આપણી ક્રિયાઓથી અને મનોવૃત્તિથી ઘમંડને પ્રગટ કર્યો હોય તો આપણા ગર્વ અને અભિમાનને લીધે પૃથ્વીએ પોતાનું મોં ઉઘાડીને આપણને ગળી લીધા નથી, આ ફક્ત ઈશ્વરની દયા જ છે.

ગર્વિષ્ઠ માણસ પસ્તાવો કરીને પોતે દીન થઈને પ્રભુ તરફ ન ફરવાથી તેને ભારે દુઃખજનક પીડા ઉઠાવવા માટે શેતાનના હાથમાં સોંપવાની સંભાવના આવે છે. પ્રભુ યહોવા કહે છે કે, તે કદમાં ઊંચુ થયું છે, ને તેણે પોતાની ટોચ વાદળ સુધી પહોંચાડી છે, ને તેનું અંતઃકરણ તેની ઊંચાઈને લીધે ગર્વિષ્ઠ થયું છે; એથી હું તેને પ્રજાઓમાં જે પરાક્રમી છે તેના હાથમાં સોંપી દઈશ;" (હઝકિ.૩૧:૧૦,૧૧) "પ્રજાઓમાં જે પરાક્રમી છે તે શેતાન છે".

આખી સૃષ્ટિમાં ઘમંડ અત્યંત વિનાશ કરનારૂં તત્વ છે, દરેક લડાઈઓ, હિંસા અને ખૂન-ખરાબીનું મૂળ કારણ માનવીય ઘમંડ છે. જો ઘમંડથી છુટકારો મેળવીશું તો આ ધરતી કાર્ય દવારા સ્વર્ગ બની જશે, જેમાં સંપૂર્ણ શાંતિ અને આનંદ હશે. 'ઘમંડ' શાંતિ અને આનંદનો ઘાત કરનાર છે. યહોવાનું વચન કહે છે, નમ્ર લોકો આનંદ કરશે (ગીત. ૩૪:૨; ૬૯:૩૨). ઘમંડ દુનિયામાં ભયંકર નાશ કરે તેવી શક્તિ છે, પણ ઈશ્વરીય નમ્રતા વધુ ભાગ્યશાળી રચનાત્મક તત્વ છે જે આપણામાં એક યોગ્ય ઈશ્વરીય સ્વભાવને ઉત્પન્ન કરી શકે છે. જે કોઈ માણસના ચરિત્રને બદલવું હોય તો સૌપ્રથમ તેણે પોતાને નમ્ર કરવો જોઈએ. જે માણસ પોતે નમ્ર થતો નથી તેને સ્વર્ગ અને સ્વર્ગીય વસ્તુઓ પ્રત્યે પ્રીતિ થશે નહિ. આ લેખ, વાંચકોને એ સમજાવે છે કે માણસ કેટલો વધુ ગર્વિષ્ઠ છે અને ઈસુ કેટલો વધુ નમ્ર છે. આ લેખનું અધ્યયન, આપણી ખરી અવસ્થા સમજવા અને પોતાને નમ્ર કરવા, નમ્રતાના જીવનની સુંદરતા અને સુગંધનો અનુભવ કરવા માટે મદદ કરશે.

**Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved**
**Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com**

# ૩. ખ્રિસ્ત ઈસુનું રહસ્ય :- પરમેશ્વર નો મનુષ્ય પ્રત્યેનો દ્રષ્ટિકોણ

પરમેશ્વર આપણને કઈ રીતે જોઈ છે :શું તમે વિચાર્યું છે કે પરમેશ્વર આપણી તરફ કઈ રીતે જુએ છે :

જયારે પણ પરમેશ્વર મનુષ્ય જાતિ ની તરફ જોય છે , તે બે પ્રકાર નાં દ્રષ્ટિ કોણ થી જુએ છે .

૧. પ્રથમ-પ્રથમ આદમ દવારા

૨. દિવતિય-દિવતિય આદમ ( ઇસુ ખ્રિસ્ત ) નાં દવારા

ફક્ત આજ બે પધ્ધતિ છે જેનાથી પરમેશ્વર કોઈ પણ વ્યક્તિ ને તરફ જુએ છે .

પ્રથમ આદમ દવારા (પતિત મનુષ્ય) પરમેશ્વર પોતાને આધીન એ સઘળાને જુએ છે. જેઓ પ્રથમ આદમની હરોળ માં આવે છે . મનુષ્ય જાતિ પતિત સ્વભાવની સાથે અને જયારે પરમેશ્વર દિવતિય આદમ (ચીશુ ખ્રિસ્ત ) દવારા મનુષ્ય ને જુએ છે તો તેઓ દરેક મનુષ્ય તે દિવતિય આદમ ની જેમ જુએ છે .સઘળાને ખ્રિસ્ત ઈસુની સમાન નવા જીવન અને નવા સ્વભાવ ની અંદર જુએ છે .

અંતઃ હમેશા યાદ રાખો , જયારે પણ પરમેશ્વર તમને જુએ છે તે તમને પ્રથમ આદમ અથવા દ્રિતિય આદમ માં જ જુએ છે .

પોતાની જાતને તપાસો કે તમે કઈ હરોળ માં છો . ક્યાં સમૂહ માં તમે આવો છો .અહી એક નાનું ચિત્ર છે જે તમને તે સમજવામાં મદદરૂપ થશે .

તો તમે કયી હરોળ માં છો :

તમે કહેશો કે, હું ચિત્ર “બ” ની હરોળ માં આવું છું જે બીજો આદમ છે . દ્રિતિય આદમ ખ્રિસ્ત નાં હરોળ માં આવે છે . તે આપણને બીજા પ્રશ્ન તરફ દોર જાય છે . “બ” સમૂહ માં અર્થાત ખ્રિસ્ત નાં સમૂહ માં હોવા છતાં પણ જો આપણે કોઈ પાપ કારીએ છીએ તો શું થાય છે :

અપને જાણીએ છીએ કે,આપણું પાપ પિતા પરમેશ્વર ની આંખો સામે આવે તે પહેલા ,આપણો પ્રમુખ યાજક અને મધ્યસ્થ ઇસુ આપણને પોતાનાં લોહી થી સાફ કરે છે અને તેને દૂર કરી દે છે . તે એ કાળજી રાખે છે કે એ પાપ નો ડાઘ પોતાની આંખમાંની નજર સામે ન આવવા પામે . કારણકે જો એ પાપ નો ડાઘ પિતાની આંખ ની નજર સામે આવે તો આપણી સાથે પણ સમક્ષતા થી દૂર મોકલી દેવામાં આવવું .

અંતે યોહાન કહે છે . હૈ મારા બાળકો ,હું તમને આ વાતો એટલા માટે કહું છું કે , તમે પાપ ન કરો , અને જો કોઈ પાપ કરે (પરમેશ્વર નાં નિયમોનું ભંગ) તો પિતાની પાસે આપણો એક મધ્યસ્થ છે .અર્થાત ન્યાયી ઇસુ ખ્રિસ્ત (૧ યોહાન ૨ :૧ ).

Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

પ્રિય ,પોતાના માટે અને પાપને માટે મરણ પામ્યા પછી જ તમને સમૂહ – બ ની હરોળ માં શીખી શકાય છે . જે ખ્રિસ્ત ઇસુ ની હરોળ છે ,નહિ તો તમે પ્રથમ આદમ ની હરોળ માં જ રહશો .

જરા કલ્પના કરો , આપણે કેટલીવાર પાપો કર્યા : અને આપણા પ્રમુખ યાજક ઈસુએ આપણેને પોતાના લોહી થી વારંવાર ધોયા ,અને આ બાબત જાણ્યા પછી ઇસુ ને ક્રૂસ પર ફરીથી ન જડાવો. હવે તમે જાણી ગયા હશો ,કે પરમેશ્વર કઈ રીતે જુએ છે ફક્ત બે પ્રકાર માંથી એક માં એક તો પહેલા આદમ અથવા બીજા આદમ ઇસુ ખ્રીસ્તમાં ,

એક બાજુ તેઓ બધાને આદમ જુએ છે ,આદમ ...આદમ ...આદમ ..નાં સદૃશ્ય , બીજી બાજુ તેઓ બધાને જુએ છે ખ્રિસ્ત ,ખ્રિસ્ત ,ખ્રિસ્ત નાં સદૃશ્ય ,

ખ્રિસ્ત ઇસુ પરમેશ્વર નાં પુત્ર હતો અને બાઈબલ એમ કહે છે , અને આપણે સઘળાં પરમેશ્વર ની સંતાન છે (૧ લો યોહાન ૩:૧)

જેટલા એ તેનો અંગીકાર કર્યો , તેટલા ને તેણે દેવના દીકરા થવાનો અધિકાર આપ્યો .(યોહાન ૧:૧૨ )

આગળ નાં પાનાનું ચિત્ર તમને સ્પષ્ટતા થી સમજવામાં મદદ થશે.

Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૪ . યિથ્રોની સલાહ

નિર્ગમન ૧૮:૧૩

મુસા જ્યારે ઇસ્રાએલી પ્રજાનો ન્યાય એકલે હાથે કરતો હતો અને તેની આ સેવામા એ રાત દિવસ મહેનત કરતો હતો. અને ઘણા બધા લોકો મુસાની પાસે ન્યાય મેળવતા સવારથી માંડીને સાંજ સુધી ઉભા રહેતા હતા અને મુસા ન્યાય ચુક્વતો અને દેવના નિયમો શીખવતો હતો. આમ સવારથી સાંજ સુધી મુસા ખુબજ વ્યસ્ત રહેતો અને કાર્ય પુર્ણ થતુ નહી.

ત્યારે મુસાના સસરાએ તેને એક સલાહ આપી કલમ:-૧૮ પ્રમાણે તુ જે રીતે આ કરી રહ્યો છે તે પદ્ધતિ યોગ્ય નથી..તુ તંગ આવી જશે તારા એક્લાથી આ કામ નો બોજો ઉપાડી શકાય એવો નથી. તુ એક્લો એ નહી કરી શકે.

ઇગ્નાઇટૅ યુથનુ દર્શન અને તેડુ ખુબ મોટુ છે અને ત્યા સુધી પહોચવાને માટે કોઇ એક વ્યક્તી જ આપણને દોરી શકે એમ નથી ,તેમજ કોઇ એક વ્યક્તી કે એક્જ કુટુમ્બ આ ખુબ મોટૉ બોજો ઉપાડી શકે એમ નથી .

ઇગ્નાઇટ યુથ જે સેવકાર્ય કરી રહ્યુ છે એમા ઘણા બધા કાર્યો છે જેવાકે ડૈલી મિશનરી કોટસની સેવા,ઇગ્નાઇટ યુથ મેગેઝીનની સેવા, પ્રાર્થના સાક્ળો તેમજ ઘણી બધી આત્મિક સેવાઓ તેમા છે.

જેવી રીતે મુસાના સસરા યિથ્રોએ સલાહ આપી કે દરેક કાર્યને અમુક અમુક વ્યક્તિઓને સોપી દેવમા આવે તો તે કાર્ય સરલતાથી થઇ શકશે અને કલમ ૨૯ પ્રમાણે સર્વ માણસો એટલે દેવનો ભય રાખનાર સત્ય પુરુષોને શોધી કાઢીને તેઓને જવાબદારી સોપવામા આવી .

તેવીજ રીતે ઇગ્નાઇટ યુથની જવાબદારીઓ અલગ અલગ વ્યક્તિઓને આપી શકાય માટે બોજ સહિત પ્રાર્થના કરશો અને જવાબદારીઓ લેવાને માટે સામેથી સ્વય્મ સેવકો ઉભા થઇ શકે અને તેઓને આપેલી જવાબદારી નિસ્વાર્થ પણે નિભાવે માટે પ્રાર્થના કરશો.

Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ૪ . પિત્તની કડવાશ દુર કરીએ – "કડવાશ રૂપી જડ"

શાસ્ત્રવાંચન : પ્રે.કૃ ૮:૯–૨૪

કડવાશ વિષે આપણે કદાચ બહું ઓછું સાંભળ્યું હશે.પરંતુ આ બાબત વિશે શીખવું ખુબજ અગત્યનું છે.

ગ્રીક શબ્દ : પીક્રિયા (Pikriya) હિબ્રુ શબ્દ : મારાહ (નિર્ગમન ૧૫:૨૩,રૂથ ૧:૨૦)

"કડવાશ એ આપણને નાની લાગતી બાબત છે પણ તે એક મોટો વિનાશ નોતરી શકે છે.હિબ્રુઓ ને પત્ર ૧૨:૧૫ –

**કડવાશ નું કાર્ય :** (હિબ્રુઓ ને પત્ર ૧૨:૧૫,પ્રે.કૃત્યો ૮:૨૩, પુર્નનિયમ ૨૯:૧૮)

– દેવની કૃપાને અટકાવે છે – ભ્રષ્ટ કરે છે

– અપવિત્ર કરે છે – પાપનાં બંધનમાં લાવે છે.

**કડવાશ ની જડ:**

૧. અંત:કરણ નો વિચાર (પ્રે.કૃ ૮:૨૩)

૨. અંત:કરણ ની અશુદ્ધતા (પ્રે.કૃ ૮:૨૧)

**કડવાશનું ફળ :**

૧. નાશ (પ્રે.કૃ ૮:૨૦)

૨. આત્મિક કૃપાદાનો અટકવા (પ્રે.કૃ ૮:૨૧)

**કડવાશ દુર કરવાનાં ઉપાયો: (એફેસી ૪:૩૧)**

૧. એક બીજા પ્રત્યે માયાળુ થવું

૨. કરુણા

૩. દેવે માફ કર્યું તેમ માફ કરો (દા.ત. યુસફ અને તેનાં ભાઈઓ ,શાઉલ અને દાઉદ)

એક બીજા પ્રત્યેની કડવાશ,અસંતોષ દૂર કરો

એક બીજા વિષે પૂર્વ ધારણા ન બાંધો

એક બીજાની પરીક્ષા ન કરો

**આપણી પરિસ્થિતિ :–**

- જયારે આપણે દુ:ખ–બીમારી–સંકટમાં હોઈએ અને મિત્રો આપણી મુલાકાત ન લે અથવા ખબર ન પૂછે
- જયારે એવી પરિસ્થિતિ આવે કે આપણે એકલા પડી જઈએ અને મદદ–હુંફ ની અપેક્ષા રાખીએ પણ ન મળે
- જયારે નજીકના મિત્રો,કુટુંબીઓ,વહાલાઓ નો સાથ કે હુંફ ન મળે

Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

**ખ્રિસ્ત ઈસુ ની પરિસ્થતિ :–**

- જયારે તેને કોરડા મારવામાં આવ્યા
- જયારે બધા શિષ્યો ગેથસેમાને વાડીમાં તેમને એકલા મુકીને નાસી ગયા
- જયારે સિમોન પિત્તરે ત્રણ વાર તેનો નકાર કર્યો
- જયારે એ ભીડ જે યહુદીઓના રાજા (વછેરા પર સ્વાગત કર્યું ) તેજ ભીડ તેને વધસ્તંભે જડો એમ કહવા લાગી
- જ્યારે રોમન સિપાહીઓ તેને કોરડા મારી રહ્યા હતા અને તેનાં લૂગડાં વહેચી રહ્યા હતા
- જ્યારે ચોર  વધસ્તંભ પર તેની મશ્કરી કરી રહ્યો હતો

આ દરેક પરિસ્થિતિઓમાં ખ્રિસ્ત ઈસુની સામે એવી પરિસ્થિતિ હતી કે તેમનું મન તેમના પર જુલમ ગુજારનાર,એકલો મુકનાર પ્રત્યે કડવાશ ની લાગણી થી ભરાઈ જાય.પરંતુ પ્રભુ એ એમ ન કર્યું ,ફકત આ પવિત્ર આત્મા દવારા શક્ય બન્યું.

**આવી પરિસ્થિતિ શું શીખવે છે : પૂરેપુરા ખ્રિસ્ત પર આધારિત થવું.**

જેવી રીતે સુગરી નામનું પક્ષી એક એક તાતણું  લઈને એક સુંદર કારીગરી વાળો માળો બનાવે છે અને એ બની ગયા બાદ આરામથી તેમાં રહે છે તેમજ આવ–જાવ કરે છે.અને બચ્ચા ઉત્પન્ન કરે છે.

તેવી જ રીતે એક નકારાત્મક વિચાર એ એક તાતણું છે શૈતાન આપણા મનમાં એક પછી એક નકારાત્મક વિચાર નાખીને આપણા મનમાં રહેવા ને માટે સુદંર માળા રૂપી મહેલ બનાવે છે.અને આપણને ખબર પણ નથી પડતી કે આ મનની અંદર બનાવેલા મહેલમાં શૈતાન રહે છે અને આમ તે આપણા મનોમાં કાર્ય કરે છે.અને એટલા બધા નકારાત્મક વિચારોથી આપણે નિરાશ થઇ જઈએ છીએ.અને નાસીપાસ થઈએ છે.પણ આવા સમયે એક સહાયક ની આપણને જરૂર હોય છે કોઈ એવો આત્મિક મિત્ર જે આપણને પ્રોત્સાહન આપી ને ફરીથી ઉભા થવા મદદ કરી શકે.

Spiritual Ignite Youth (C) Copyright  All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

# ५ . मसीह येशुमें जीवन के आत्मा का नियम

जनवरी 1910 में जब वे आफ्रिका की भूमि पर उतरे, वहां देश के अनेक भाग में महामारी फैल चुकी थीएक महीने से भी कम समय में चौथाई आबादी मारी जा . चुकी थीऔर महामारी इतनी संक्रामक थी कि . सरकार किसी भी सेवा करने वाली नर्स को1,000 डॉलर वेतन देने के लिये तैयार थी .जॉन जी.लेक और उसके साथी नि:शल्क सेवा करने गए वे मृतकों को लाते, दफनाते, परंतु उन पर महामारी का कोई प्रभाव नहीं हुआ.

महामारी के चरम उत्कर्ष पर एक डॉक्टर लेक के पास भेजा गया उसने पूछा, “आप स्वयं को बचाने के लिये क्या करते हैं? आपके पास अवश्य कोई राज है! इस पर लेक ने उत्तर दिया,

“हे भाई, यह यीशु मसीह में जीवन के आत्मा का नियम है, मेरा विश्वास है कि जब तक मेरा आत्मा, जीवते परमेश्वर के संपर्क में रहता है और उसका पवित्रात्मा मेरी आत्मा और देह में प्रवाहित होता है, कोई कीटाणु या जीवाणु कभी मुझमें प्रवेश नहीं कर सकता क्योंकि परमेश्वर का आत्मा उसे मार देगा.'

लेक ने डॉक्टर से कहा कि वह उस पर प्रयोग करके देखेउसने डॉक्टर से कहा कि किसी मृत व्यक्ति के . फेफड़ों से द्रव्य निकालकर जिसमें रोग के जीवाणु हो,माइक्रोस्कोप के नीचे रखकर देखेजब डॉक्टर ने ऐसा . तब लेक ने कमरे में मौजूद लोगों को यह कहकर .किया तो पाया कि रोग के हजारों जीवाणु जीवित थे हक्का बक्का कर दिया कि अब उस घातक द्रव्य को उसके हाथों पर लगाओ, वे सब मर जाएंगे.

जब डॉक्टर ने रोगाणुओं से युक्त द्रव्य को उसके हाथों पर लगाया, वे तत्क्षण मर गए, जिन्होंने देखा वे हतप्रभ रह गए और लेक ने परमेश्वर को महिमा देते हुए
घटना को इस प्रकार समझाया:

“आप मेरे हाथों पर जीवाणु रख दीजिए और मैं उसे माईक्रोस्कोप के नीचे रखूगा और वे जीवित जीवाणु या किटाणु जीवित नहीं रहेंगे परंतु तुरंत मर जाएंगे".

परमेश्वर के आत्मा की यही सामर्थ लेक के हाथों से प्रवाहित होती थी और जब वह संक्रमित व्यक्ति पर हाथ रखकर प्रार्थना करता वे तुरंत चंगे हो जाते .“परमेश्वर की विद्युत तरंगेसभी बीमारियों और निर्बलताओं " .को मिटा देती थीं”

एसी महामारी आज भी पूरी दुनिया में फ़ैल रही है ,क्या आज जॉन जी. लेक के समान रोमियों 8:2 के वचन के अनुसार विश्वास करनेवाले लोग है क्या ? “ क्योंकि जीवनकी आत्मा की व्यवस्था ने मसिह यीशुमें मुजे पाप की और मृत्यु की व्यवस्था से स्वतंत्र कर दिया ” पवित्र आत्मा एसे पात्रो को ढूढ़ रहा है जो ऐसा विश्वास रखते हो ताकि उनके द्वारा परमेश्वर बड़े चिन्ह और आश्चर्यजनक कार्य कर शके

Spiritual Ignite Youth (C) Copyright  All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com

Spiritual Ignite Youth (C) Copyright All Rights Reserved
Contact Us : spiritualigniteyouth@gmail.com, www.spiritualigniteyouth.com